| GJKH030001042022 | દાખલ તારીખ | ૧૭/૦૧/૨૦૨૨ | | |
|---|---|---|---|---|
| | નોંધણી તારીખ | ૧૭/૦૧/૨૦૨૨ | | |
| | ફેંસલ તારીખ | ૦૯ /૦૬ /૨૦૨૬ | | |
| | અવધિ | વર્ષ | માસ | દિવસ |
| | | 04 | 04 | 22 |

| મહેમદાવાદના મે.જયુડી.મેજીસ્ટ્રેટ ફ.ક.સાહેબની કોર્ટમાં, મુ.મહેમદાવાદ.<br>તા.મહેમદાવાદ, જી.ખેડા. |
|---|
| આંક : 53 |

| | | |
|---|---|---|
| ચુકાદા તારીખ | : | ૦૯ /૦૬/૨૦૨૬ |
| ફોજદારી કેસ નંબર | : | ૮૦/૨૦૨૨ |
| ગુન્હો | : | ઈ.પી.કો.કલમ– ૩૨૫, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબ |
| પ્રથમ માહિતી અહેવાલ નંબર | : | એફ. આઈ. આર. નં.૦૮૩૮/૨૦૨૧, તા.૧૬/૦૭/૨૦૨૧ |
| પોલીસ સ્ટેશન | : | મહેમદાવાદ પો.સ્ટે., મહેમદાવાદ. |

| | | |
|---|---|---|
| ફરિયાદી | : | શ્રી સરકાર |
| ફરિયાદ પક્ષે | : | વિ.એ.પી.પી.શ્રી કે. એ. સુથાર |
| | વિરુદ્ધ | |
| આરોપી નં.૧ | : | વીજયભાઈ ઉર્ફે બાડાભાઈ સાવધાનભાઈ ઠાકોર, ઉ.વ.૩૪, રહે.અરેરી,તા.મહેમદાવાદ, જી.ખેડા. |
| આરોપી નં.૨ | : | હીતેશભાઈ રમેશભાઈ સાવધાનભાઈ ઠાકોર, ઉ.વ.૨૩,રહે.અરેરી,તા.મહેમદાવાદ, જી.ખેડા. |

| | | |
|---|---|---|
| **આરોપી નં.૩** | **:** | દીનેશભાઈ ઉર્ફે ગનો અશોકભાઈ ઠાકોર, ઉ.વ.૨૪,રહે.અરેરી,તા.મહેમદાવાદ, જી.ખેડા. |
| **આરોપી નં.૪** | **:** | અનીલભાઈ ઉર્ફે પન્નો રમેશભાઈ ઠાકોર, ઉ.વ.૨૨, રહે.અરેરી,તા.મહેમદાવાદ, જી.ખેડા. |
| **આરોપી પક્ષે** | **:** | વિ. વ. શ્રી એમ.આર.પટેલ |

.

| | | |
|---|---|---|
| **ગુન્હો બન્યા તારીખ** | **:** | ૧૫/૦૭/૨૦૨૧ |
| **પ્રથમ માહિતી અહેવાલ તારીખ** | **:** | ૧૬/૦૭/૨૦૨૧ |
| **ચાર્જશીટ રજૂ તારીખ** | **:** | ૧૭/૦૧/૨૦૨૨ |
| **તહોમતનામું / નિવેદન લીધા તારીખ** | **:** | ૧૧/૦૩/૨૦૨૨ |
| **પુરાવો નોંધવાની શરૂઆત તારીખ** | **:** | ૨૨/૦૨/૨૦૨૪ |
| **ચુકાદા સારું રાખવાની તારીખ** | **:** | ૦૯/૦૬/૨૦૨૬ |
| **ચુકાદા તારીખ** | **:** | ૦૯/૦૬/૨૦૨૬ |
| **સજા અંગે હુકમ તારીખ, (લાગુ પડે તો):** | | – |

## :: આરોપીની વિગત ::

| **અનું. નંબર** | **આરોપીનું નામ** | **ધરપકડ થયા તારીખ** | **જામીન ઉપર મુક્ત થયા તારીખ** | **તહોમત** | **શું નિર્દોષ / તકસીર–વાન** | **સજા** | **સુનાવણી દરમ્યાન અટકાયતની અવધિ, ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ની કલમ – ૪૨૮ મુજબ** |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | વીજયભાઈ ઉર્ફે બાડાભાઈ સાવધાન ભાઈ ઠાકોર, | ૧૬/૭/૨૧ | ૧૬/૭/૨૧ | ઈપીકો કલમ ૩૨૫, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ | આરોપી વીજયભાઈ ઉર્ફે બાડાભાઈ સાવધાન ભાઈ ઠાકોર ને ભારતીય દંડ સંહીતા ની કલમ ૩૨૫ અન્વયે | આરોપી વીજયભાઈ ઉર્ફે બાડાભાઈ સાવધાન ભાઈ ઠાકોર ને ભારતીય દંડ સંહીતા ની કલમ ૩૨૫ અન્વયે | – |
| ૨. | હીતેશભાઈ રમેશભાઈ સાવધાન ભાઈ ઠાકોર, | ૧૬/૭/૨૧ | ૧૬/૭/૨૧ | | | | – |

<table>
<tr><td>૩</td><td>દીનેશભાઈ ઉર્ફે ગનો અશોકભાઈ ઠાકોર,</td><td>૧૬/૭/૨૧</td><td>૧૭/૧/૨૧</td><td rowspan="2"></td><td rowspan="2">તકસીરવાર, આ કામના આરોપી ૧ ને ભારતીય દંડ સંહીતાની કલમ ૩૨૫ સિવાય તથા આરોપી નં. ૨ થી ૪ નાઓ ભારતીય દંડ સંહીતાની કલમ ૩૨૩, ૩૨૫, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબના ગુના સબબ શંકાનો લાભ આપી નિર્દોષ</td><td rowspan="2">તકસીરવાર ઠરાવી એક વર્ષની સખત કેદની સજા તથા રુપીયા ૫૦૦૦/- નો દંડ, આ કામના આરોપી ૧ ને ભારતીય દંડ સંહીતાની કલમ ૩૨૫ સિવાય તથા આરોપી નં. ૨ થી ૪ નાઓ ભારતીય દંડ સંહીતાની કલમ ૩૨૩, ૩૨૫, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબના ગુના સબબ શંકાનો લાભ આપી નિર્દોષ</td><td></td></tr>
<tr><td>૪</td><td>અનીલભાઈ ઉર્ફે પન્નો રમેશભાઈ ઠાકોર,</td><td>૧૬/૭/૨૧</td><td>૧૭/૧/૨૧</td><td></td></tr>
</table>

## :: ફરિયાદ પક્ષે / આરોપી પક્ષે / ન્યાયાલયના સાક્ષીઓની યાદી ::

### અ. ફરિયાદ પક્ષે :

| **અનુક્રમ** | **વિગત** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|
| ફરિયાદ પક્ષે સાહેદ નં.: ૦૧ | હરજીભાઈ ભલાભાઈ | ફરીયાદી |
| ફરિયાદ પક્ષે સાહેદ નં.: ૦૨ | વીજયભાઈ ધુળાભાઈ | મુદામાલ કબજે કર્યાના પંચ |
| ફરિયાદ પક્ષે સાહેદ નં.: ૦૩ | દીનેશભાઈ જીભાઈભાઈ | બનાવવાળી જગ્યાના પંચ |
| ફરીયાદ પક્ષે સાહેદ નંઃ ૦૪ | ગોરધનભાઈ રામાભાઈ | સાહેદ |
| ફરીયાદ પક્ષે સાહેદ નંઃ ૦૫ | સાકીરમીયા મુસ્તુફામીયા | સાહેદ |
| ફરીયાદ પક્ષે સાહેદ નંઃ ૦૬ | આરીફ અલાઉદીન મલેક | સાહેદ |
| ફરીયાદ પક્ષે સાહેદ નંઃ ૦૭ | ડો.વૈભવ દીનુભાઈ પટેલ | મેડીકલ ઓફીસર |
| ફરીયાદ પક્ષે સાહેદ નંઃ ૦૮ | રાજેન્દ્રગીરી ગણ પતગીરી | ત.ક.અ. |

## :: ફરિયાદ પક્ષે / આરોપી પક્ષે / ન્યાયાલયના આંકની યાદી ::

**અ. ફરિયાદ પક્ષે :**

| અનુક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧. | આંક–૨૬/ફ. સા.૦૧ | ફરીયાદી હરજીભાઈ ભલાભાઈની જુબાની |
| ૨. | આંક–૨૭ | ફરીયાદ |
| ૩. | આંક–૨૮/ફ. સા.૨ | પંચસાહેદ વીજયભાઈ ધુળાભાઈ ની જુબાની |
| ૪. | આંક–૨૯ | મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું |
| ૫. | આંક–૩૦/ફ.સા.નં.૩ | પંચસાહેદ દીનેશભાઈ જીભાઈભાઈ ની જુબાની |
| ૬. | આંક–૩૧ | બનાવવાળી જગ્યાનું પંચનામું |
| ૭ | આંક–૩૩/ફ.સા.નં.૪ | સાહેદ ગોરધનભાઈ રામાભાઈની જુબાની |
| ૮ | આંક–૩૫/ફ.સા.નં.૫ | સાહેદ સાકીરમીયા મુસ્તુફામીયાની જુબાની |
| ૯ | આંક–૩૬/ફ.સા.નં.૬ | સાહેદ આરીફ અલાઉદીન મલેકની જુબાની |
| ૧૦ | આંક–૩૮/ફ.સા.નં.૭ | મેડીકલ સાહેદ ડો.વૈભવ દીનુભાઈ પટેલની જુબાની |
| ૧૧ | આંક–૩૯ | એક્ષરે રીપોર્ટ |
| ૧૨ | આંક–૪૦ | હરજીભાઈ સોલંકીનું મેડીકલ સર્ટી. |
| ૧૩ | આંક–૪૨/ફ.સા.નં.૮ | ત.ક.અ.રાજેન્દ્રગીરી ગણપતગીરીની જુબાની |
| ૧૪ | આંક–૪૩ | ટેલીફોન વર્ધી |
| ૧૫ | આંક–૪૪ | સુચીપત્ર |

## :: ચુકાદો ::

## ૧. ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત :

ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ તા.૧૫/૭/૨૦૨૧ ના રોજ કલાક ૧૯:૦૦ ના સુમારે મોજે ખાત્રજ ચોકડી મહુધા રોડ ઉપર આરોપી નં.૪ નાઓ પોતાનુ બાઈક રોડ પર આડુ રાખી રીક્ષાવાળા સાથે વાતો કરતા હોવાથી ફરીયાદી તથા સાહેદ નં.૬ નાએ બોલેરો ગાડી લઈને જતા હોય સાહેદ નં.૬ નાઓ ગાડી જવાનો રસ્તો રાખેલ નથી તેમ કહેતા આરોપી નં.૪

નાઓ એકદમ ઉશ્કેરાઈ જઈ ગાળો બોલતા ફરીયાદીને ગાડીમાંથી નીચે ઉતારી કેમ ગાળો બોલે છે કહેતા આરોપી નં.૧ નાઓ ગાળો બોલતા લોખંડની પાઈપ હાથમા લઈ આવી ફરીયાદીને ડાબા હાથે કોણી પાસે મારી ફેકચરની ઈજા કરી આરોપી નં.૨,૩ નાઓ ગાળો બોલી ફરીયાદીને ગડદા પાટુનો માર મારી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી ગુનો કરવામા એકબીજાની મદદગારી કરી, ઈ.પી.કો.ક.૩૨૩, ૩૨૫, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબ ગુન્હો કરેલ.

## ૨. પોલીસ તપાસ :

સદરહું કામે આરોપી વિરૂદ્ધ મહેમદાવાદ પો.સ્ટે.માં પ્રથમ માહિતી અહેવાલ નંબર : ૦૭૪૯/૨૦૨૧, ઈ.પી.કો. કલમ–૩૨૩, ૩૨૫, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ થી ગુન્હો નોંધતા, તપાસ કરનાર અમલદારે સદર ગુન્હાઓ અંગેની તપાસ હાથ ધરેલ તેમજ **ફોજદારી કાર્યરીતિ સંહિતા,૧૯૭૩ની કલમ – ૧૬૧** અન્વયે ગુન્હાઓથી માહિતગાર સાહેદોના નિવેદનો નોંધી, પંચનામું કરી, આરોપી વિરૂદ્ધ પૂરતો પુરાવો ઉપલબ્ધ હોઈ, અત્રેની અદાલતમાં **ઈ.પી.કો. કલમ**–૩૨૩, ૩૨૫, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હાઓ અંગે **ફોજદારી કાર્યરીતિ સંહિતા,૧૯૭૩ની કલમ – ૧૭૩ (૨)** મુજબનું ચાર્જશીટ ફાઈલ કરેલ છે.

## ૩. ન્યાયિક કાર્યવાહી :

સદરહું કામે આરોપીઓ વિરુધ્ધ ચાર્જશીટ રજુ થતાં **ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૯૦(બી)** મુજબ આરોપીઓ વિરુધ્ધ આક્ષેપિત ગુન્હાઓનું સંજ્ઞાન લઈ, **ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ની કલમ–૨૦૪** અન્વયે પ્રોસેસ ઈસ્યુ કરવામાં આવતા, આરોપીઓ તેઓના વિ.વકીલશ્રી મારફતે અત્રેની અદાલત સમક્ષ ઉપસ્થિત થયેલ. આરોપીઓ અત્રેની અદાલત સમક્ષ હાજર થતા તેઓને **ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ની કલમ–૨૦૭** અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો વિના મૂલ્યે આપ્યાની ખાત્રી કર્યા બાદ ઉપરોકત ગુન્હાઓ અન્વયે સજાની જોગવાઈઓ ધ્યાને લેતાં, સદર ગુન્હાઓ **ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ની કલમ–૨(ચ)** મુજબ વોરંટ ટ્રાયબલ હોઈ, સદરહું અધિનિયમના **પ્રકરણ–૧૯ ની કલમ–૨૪૦ મુજબ આંક–૦૪** થી આરોપી વિરુધ્ધ તહોમતનામું ફરમાવી, આરોપીઓને વાંચી સંભળાવી, **આંક– ૦૫, આંક–૦૬, આંક–૦૭, આંક–૦૮** થી આરોપીઓનું આક્ષેપિત ગુન્હાઓ સબબ નિવદન નોંધતા આરોપીઓએ ગુન્હો કબુલ ન હોવાનું જણાવેલ, જેથી સદરહું અધિનિયમની **કલમ–૨૪૨** મુજબ આરોપીઓ વિરુધ્ધ ફરીયાદપક્ષનો પુરાવો નોંધી ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

## ૪. પુરાવાઓ તેમજ દલીલો :

**૪.૧** સદરહું કામે ફરીયાદપક્ષે મૌખિક વિનંતીથી પુરાવો પુર્ણ થયેલાનું જાહેર કરેલ છે. સદરહું કામે ફરીયાદપક્ષ ધ્વારા પ્રસ્તુત મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ લક્ષમાં લેતાં, સદર કામે આરોપીઓનું **ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ની કલમ–૩૧૩** અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવતા, સદર કામના આરોપીએ પ્રથમ સવાલનો જવાબ હકારમાં આપી જણાવેલ કે

ફરીયાદપક્ષ ધ્વારા પ્રસ્તુત તમામ પુરાવો મારી સમક્ષ અથવા મારા ધ્વારા નિમાયેલ વકીલશ્રી સમક્ષ નોંધવામાં આવેલ છે, તે સિવાય બાકી તમામ સવાલોના જવાબ નકારમાં આપી, ફરીયાદપક્ષના કેસની હકીકતોનો ઈન્કાર કરી, ફરીયાદપક્ષ ધ્વારા ખોટો કેસ કર્યો હોવાની બાબત જણાવે છે. વધુમાં, આરોપી સોગંદ ઉપર જુબાની આપવા તેમજ બચાવ પક્ષે સાહેદો તપાસવા માંગતા ન હોઈ તેમ જણાવેલ છે.

**૪. ૨** ત્યારબાદ, સદરહું કામે ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી કે.એ.સુથાર તથા આરોપી પક્ષે વિ.વ.શ્રી. એમ. આર. પટેલનાઓની મૌખિક દલીલો સાંભળી. આરોપી તરફે રજુઆત કરેલ છે કે, ડોકટરની વર્દીમા છ નામ છે જ્યારે સદર કામે માત્ર ચાર આરોપીઓ સામે ગુનો નોંધાયેલ છે. જેથી યોગ્ય તપાસ થયેલ નથી તેમજ ઓળખ પરેડ પણ કરાવવામા આવેલ નથી. વધુમા આરોપી નં. ૧ નાઓએ પાઈપ મારી ઈજા કરેલ હોય તેવો કેસ છે પરંતુ તેવી કોઇ ઈજા નથી. તદઉપરાંત મેડીકલ ઓફીસરના પુરાવામા તેઓએ જણાવેલ છે કે, હાથ મચકોડાઇ જવાથી પણ આવી ઈજા થઇ શકે, વધુમા ફરિયાદમા આરોપીના નામ પણ જુદા છે. પંચો પણ હોસ્ટાઇલ જાહેર થયેલા છે અને મેડીકલ એવીડેન્સ, ફરિયાદીની જુબાની, ફરિયાદ અને સાહેદોના પુરાવા કોરોબોરેટ થતા ન હોય, આરોપીઓને શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાની વિનંતી કરેલ છે. જ્યારે ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી એ રજુઆત કરેલ છે કે, ફરિયાદીએ ફરિયાદ મુજબનો પુરાવો આપેલ છે તેમજ આરોપીને અને મુદ્દામાલને પણ ઓળખી બતાવેલ છે. વધુમા આરોપીના અલગ નામ અંગેનો ખુલાસો ફરિયાદીએ તેઓની ઉલટ તપાસમા કરેલછે અને આરોપીને સાક્ષીએ પણ ઓળખી બતાવેલ છે. વધુમા ફરિયાદ પક્ષના કેસને રજુ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓથી સમર્થન પ્રાપ્ત થયેલ હોય તે સંજોગોમા ફરિયાદ પક્ષ તેઓનો કેસ શંકાથી પર રીતે પુરવાર કરવામા સફળ રહેલ હોઈ, આરોપીઓને હાલના ગુનાના કામે સજા કરી યોગ્ય હુકમ કરવા વિનંતી કરેલ છે.

## ૫. મુદ્દાઓ :

હાલના કેસ અંગે વિચારવામાં આવે તો આરોપી સામે ફરિયાદ પક્ષે **ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ની કલમ–૩૨૩, ૩૨૫, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪** મુજબના ગુન્હા સબબનો આક્ષેપ છે તે હકીકતો અને સદર ગુન્હાઓનું સ્વરૂપ જોતા ફરિયાદ પક્ષ માટે નીચે જણાવ્યા મુજબના મુદ્દાઓ નિ: શંકપણે પુરવાર કરવા મહત્વના બને.

| ક્રમ | મુદ્દા |
|---|---|
| ૧. | શું ફરિયાદ પક્ષ નિ:શંક પણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ તા. ૧૫/૭/૨૦૨૧ ના રોજ કલાક ૧૯:૦૦ ના સુમારે મોજે ખાત્રજ ચોકડી મહુધા રોડ ઉપર આરોપી નં.૪ નાઓ પોતાનુ બાઈક રોડ પર આડુ રાખી રીક્ષાવાળા સાથે વાતો |

| | |
|---|---|
| | કરતા હોવાથી ફરીયાદી તથા સાહેદ નં.૬ નાએ બોલેરો ગાડી લઈને જતા હોય સાહેદ નં.૬ નાઓ ગાડી જવાનો રસ્તો રાખેલ નથી તેમ કહેતા આરોપી નં.૪ નાઓ એકદમ ઉશ્કેરાઈ જઈ ગાળો બોલતા ફરીયાદીને ગાડીમાંથી નીચે ઉતારી કેમ ગાળો બોલે છે કહેતા આરોપી નં.૧ નાઓ ગાળો બોલતા લોખંડની પાઈપ હાથમા લઈ આવી ફરીયાદીને ડાબા હાથે કોણી પાસે મારી ફેકચરની ઈજા કરી આરોપી નં.૨,૩ નાઓ ગાળો બોલી ફરીયાદીને ગડદા પાટુનો માર મારી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી ગુનો કરવામા એકબીજાની મદદગારી કરી, **ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ની કલમ–૩૨૩, ૩૨૫, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪** મુજબ ગુન્હો કરેલ? |
| **૨.** | શું હુકમ ? |

## ૬. મુદ્દા પરત્વેના નિર્ણય :

| **મુદ્દા ક્રમાંક** | **નિર્ણય** |
|---|---|
| **૧.** | અંશતઃ હકારમાં |
| **૨.** | આખરી હુકમ મુજબ |

## ૭. પુરાવાઓનું મૂલ્યાંકન અને નિર્ણયના કારણો :

**૭.૧** સદરહું કામના આરોપી વિરૂદ્ધ ફોજદારી કેસ છે, ત્યારે ફોજદારી ન્યાયશાસ્ત્રના મૂળભૂત પ્રસ્થાપિત સિધ્ધાંતો લક્ષમાં લેવા જરૂરી બને, જે નીચે મુજબ છે :

- ફોજદારી કાર્યરીતિમાં પુરાવાનો બોજો ફરિયાદ પક્ષ ઉપર રહે છે તેમજ ફરિયાદ પક્ષે આરોપી વિરુદ્ધનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો રહે છે અને જ્યાં સુધી આરોપી વિરુદ્ધનો કેસ સાબિત ન થાય ત્યાં સુધી આરોપીની નિર્દોષતાનું અનુમાન કરવાનુ રહે છે. કાયદાથી એ પણ સ્થાપિત છે કે, જો ફરિયાદ પક્ષના કેસ અંગે, કેસના મૂળ સુધી જાય તે રીતની મહત્વની શંકા ઉભી થાય તો તેનો લાભ આરોપી પક્ષને આપવો જોઈએ; જો કે તેનો હેતુ એવો નથી કે આરોપી પક્ષને કોઈ પણ રીતે લાભ મળે તે હેતુથી ફરિયાદ પક્ષના પુરાવા અંગે ગેરવ્યાજબી શંકા ઉભી કરવી. કાયદાથી એ પણ સ્થાપિત છે કે ફરિયાદ પક્ષે રજૂ કરેલ પુરાવામાં આવતા કેટલાક તુચ્છ વિરોધાભાષને વધુ પડતું મહત્વ ન આપવું જોઈએ અને ફરિયાદ પક્ષના પુરાવાનું આક્ષેપીત ગુન્હાની કાયદાકીય જોગવાઈ તથા કાનૂની સ્થિતિના સંદર્ભમાં મૂલ્યાંકન કરવું જોઈએ.

- નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા **Rabindra Kumar Dey v. State of Orissa** (**AIR** 1977 **SC** 170)ના ચુકાદામાં ત્રણ સિદ્ધાંતો પુનરાવર્તિત કરેલ છે, "(૧) કેસને યોગ્ય શંકાથી પર સાબિત કરવાનો બોજો ફરિયાદ પક્ષ ઉપર જ રહે છે અને તે બચાવ પક્ષની નબળાઈ અથવા ખોટમાંથી કોઈ લાભ લઈ શકે નહિ; (૨) ફોજદારી કાર્યરીતિમાં જ્યાં સુધી આરોપી વિરુદ્ધનો કેસ સાબિત ન થાય ત્યાં સુધી આરોપીની નિર્દોષતાનું અનુમાન કરવાનુ રહે છે; અને (૩) ફરિયાદ પક્ષ ઉપર રહેલો પુરાવાનો બોજો ક્યારેય બદલાતો નથી."

- નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા **State of Uttar Pradesh v. Krishna Gopal**( (1988) 4 **SCC** 302) ના ચુકાદામાં ઠરાવેલ છે કે, "કોઈ વ્યક્તિને તેવા ગુનામાં દોષિત ઠેરવવામાં ન આવે જ્યાં સુધી પુરાવાના માપદંડ મુજબ તેનો દોષ સ્થાપિત ન થાય; આ તેનો મહત્વનો હક છે. આ ધોરણ ઊંચું છે, પરંતુ એકદમ નક્કી માપદંડ નથી; 'પુરાવો' કેટલો પૂરતો ગણાય તે દરેક કેસની પરિસ્થિતિ પર આધાર રાખે છે." આ સ્થાપિત કાનૂની સ્થિતિના પરિઘમાં હાલના કેસમાં ફરિયાદ પક્ષે રજૂ કરેલ પુરાવાનું કાળજીપૂર્વક મૂલ્યાંકન કરવું આવશ્યક બને છે.

**૭.૨** ક્રીમીનલ જસ્ટીસ સીસ્ટમનો સ્થિાપિત સિધ્ધાંત મુજબ ફરિયાદ પક્ષ માટે એ અનિવાર્ય છે કે, તે આરોપી સામે પોતાનો કેસ શંકા થી પર રીતે સાબિત કરે. આ કામે આરોપીઓ સામે એકબીજાની મદદગારીમાં ભારતીય દંડ સંહીતાની કલમ – ૩૨૩,૫૦૪,૫૦૬(૨) સાથે વાંચતા કલમ–૧૧૪ મુજબના ગુનાનો આક્ષેપ છે ત્યારે ફરિયાદ પક્ષે એવુ સાબિત કરવુ જરુરી બને કે, આ બનાવમાં આરોપીઓએ ફરિયાદી તેમજ સાહેદને અપશબ્દો કહી, માર મારી સાદી તથા ગંભીર ઈજા કરી જાનથી મારી નાંખવાની ધમકી આપી ગુનો કરેલ છે.

**૭.3** એ નોંધપાત્ર છે કે, આ કામે ભારતીય દંડ સંહીતાની કલમ – ૩૪ અથવા તો ૧૨૦(બી) મુજબનો ફરિયાદ પક્ષનો કેસ નથી તેમજ માત્ર ચાર આરોપીઓ હોઇ, ગેરકાયદેસર મંડળી દ્વારા સામાન્ય ઈરાદો પાર પાડવા ગુનો કરેલ હોય તેવુ પણ કેસ નથી. આ સંજોગોમા આરોપીઓએ એકબીજાની મદદગારીમાં ગુનો કરેલ હોવા છતા કયા આરોપીએ ગુનામાં શુ ભુમીકા ભજવેલ છે તે રજુ થયેલ પુરાવાના મુલ્યાંકન સમયે ચકાસવુ જરુરી ગણાય.

**૭.૪** ઉપરોક્ત સ્થાપિત કાનુની સ્થીતીના પરિઘમાં હાલના કેસમાં ઉપરોક્ત હકીકતને કેન્દ્ર સ્થાને રાખી હાલના કેસમાં પુરાવાનુ મુલ્યાંકન કરવુ જરુરી બને. ફરિયાદ પક્ષનો કેસ એવો છે કે, આ કામના ફરિયાદી હરજીભાઈ સોલંકી તથા સાકીરમીયા મુસ્તુફામીયા તા.૧૫.૭.૨૦૨૧ ના રોજ સાંજના આશરે સાતેક વાગ્યે બોલેરો ગાડી લઇને ખાત્રજ ચોકડી મહુધાથી જતા હતા ત્યારે આ કામના આરોપી નં. ૪ અનિલભાઇ ઉર્ફે પન્નો રમેશભાઇ ઠાકર પોતાનુ બાઇક રોડ ઉપર આડુ રાખી રીક્ષાવાળા સાથે વાતો કરતા હોઇ, રોડ ઉપર અવર જવરમા અવરોધ થતા ફરિયાદી અને

સાહેદ નંબર – ૬ નાઓએ તેઓને જણાવેલ કે, તમે ગાડી જવાનો રસ્તો રાખેલ નથી. આરોપી નં. ૪ નાઓએ એકદમ ઉશ્કેરાઈ જઈ ફરીયાદીને ગાળો દેવા લાગેલા. જેથી ફરિયાદીએ ગાડીમાથી ઉતરી શા માટે ગાળો આપો છો તેવુ કહેતા, આ કામના આરોપી નં. ૧ વિજયભાઈ ઉર્ફે બાંડાભાઈ ઠાકોરે લોખંડની પાઈપ લઈ આવી ફરિયાદીને ડાબા હાથ ઉપર કોણી પાસે મારીને હાડકુ ભાગી નાંખેલ અને તે સમયે હાજર અન્ય આરોપી નં. ૨ અને ૩ નાઓએ ગાળો બોલી ફરિયાદીને ગડદાપાટુનો માર મારેલ.

**૭.૫** ફરિયાદ પક્ષના કેસ મુજબ આ બનાવ સમયે ફરિયાદી અને સાકીરભાઈ મુસ્તુફામીયા બુમાબુમ કરતા હોઈ, અન્ય સાહેદો આરીફભાઈ, રહે. અરેરી, બળવંતભાઈ ઉર્ફે ગવાસ્કર, રહે. વાંઠવાળી તથા ગોરધનભાઈ પ્રજાપતિ અને ભરતભાઈ રાયસંગભાઈ સોલંકી આવી ગયેલા અને ફરિયાદીને વધુ મારમાથી છોડાવેલ. આ સમયે ચારેય આરોપીઓએ ફરિયાદીને કહેલ કે, ફરીથી દાદાગીરી કરશો તો જીવતા નહી રહેવા દઈએ. ત્યારબાદ ફરિયાદી પ્રથમ મહેમદાવાદ પો.સ્ટેશન ગયેલા, ત્યાંથી તેમને દવાખાને મોકલી સારવાર કરવા જણાવતા વેદ હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેમને કોણી પાસે ફેકચર હોવાનુ નિદાન થયેલ.

**૭.૬** ફરિયાદ પક્ષના કેસની ઉપરોક્ત વિગત જોતા આ કામના ફરિયાદી હરજીભાઈ સોલંકી, ફરિયાદીની સાથે હતા તેવા નજરે જોનાર સાહેદ સાકીરમીયા મુસ્તુફામીયા મલેક તથા બનાવ સમયે આવી ગયેલ સાહેદ ગોરધનભાઈ પ્રજાપતિ, આરીફમીયા મલેક, ભરતભાઈ રામાભાઈ સોલંકી તથા બળવંતભાઈ ઉર્ફે ગવાસ્કર કે જેઓ આ કેસમાં સ્ટાર વિટનેશ ગણાય.

**૭.૭** ફરિયાદ પક્ષે આ સાહેદો પૈકી ફરિયાદી, નજરે જોનાર સાહેદ સાકીરમીયા મલેક, સાહેદ ગોરધનભાઈ પ્રજાપતિ તથા આરીફમીયા મલેકને સાહેદ તરીકે તપાસેલ છે. જ્યારે સાહેદ ભરતભાઈ સોલંકી તથા બળવંતભાઈ ઉર્ફે ગવાસ્કરને ડ્રોપ કરેલ છે. આ ઉપરાંત ફરિયાદ પક્ષે ઈજા પામનાર ફરિયાદીની સારવાર કરનાર વેદ હોસ્પિટલના ડોકટર વૈભવ પટેલને તપાસેલ છે. જેમનો પુરાવો ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થનરુપ છે કે કેમ? તે ચકાસવુ મહત્વનુ ગણાય. આ ઉપરાંત ફરિયાદ પક્ષે આંક – ૩૨ થી સ્થાનિક જગ્યાનુ પંચનામુ રજુ કરી તેના પ્રથમ પંચ દીનેશ જીભઈને આંક – ૩૧ થી તપાસેલ છે તેમજ આરોપીઓનુ અટક તથા હથિયાર રીકવરીનુ પંચનામુ આંક – ૨૯ થી રજુ કરી તેના પંચ વિજયભાઈ ધુળાભાઈને આંક – ૨૮ થી તપાસેલ છે. આ ઉપરાંત આ બનાવની તપાસ કરનાર અધિકારી રાજેન્દ્રગીરી ગણપતગીરને આંક – ૪૨ થી તપાસમાવા આવેલ છે. આ કામે શરુઆતથી તથા ક્રી.પ્રો.કોડની કલમ– ૩૧૩ અન્વયે આરોપીઓએ જણાવેલ છે કે, તેમનો બચાવ એવો છે કે, તેઓએ કોઈ ગુનો કરેલ નથી અને ખોટો કેસ તેઓની વિરુદ્ધમાં કરવામા આવેલ છે.

**૭.૮** આ બનાવમા ઈજા પામનાર ફરિયાદીને આંક– ૨૬ થી તપાસવામા આવેલ છે. તેમણે તેમનો પુરાવો તેમની ફરિયાદ તથા ફરિયાદ પક્ષના સમગ્ર કેસને સમર્થનકારક છે. તેમણે તેમની જુબાનીમાં જણાવેલ છે કે, બનવના દિવસે તેઓ તથા સાહેદ સાકીરમીયા મલેક પીક અપ જીપ નં. જી.જે.૨૭ એક્સ ૩૩૭૧ કેળાના છોડ ભરી ભાવનગર ખાલી કરવા જતા હતા તે સમયે ગાડી ડ્રાઈવર સાકીરમીયા ચલાવતા હતા અને તેઓ બાજુમા બેઠેલ હતા. સાંજના આશરે સાતેક વાગ્યે તેઓ ખાત્રજ ચોકડી પહોંચતા રસ્તામાં એક મો.સા. આડુ પડેલ હતુ તેથી ડ્રાઈવર સાકીરમીયા ગાડીમાંથી ઉતરી બાઈક ખસેડવા ગયેલા ત્યારે આરોપીઓ તેઓની સાથે ઝપાઝપી કરવા લાગેલા. જે પૈકી એકનુ નામ અશોકભાઈ હતુ અને બીજા બે ઈસમો હીતેશભાઈ ઠાકોર તથા અનિલભાઈ ઠાકોર હતા. આથી ફરિયાદી ગાડીમાંથી ઉતરી તેમને સમજાવવા તથા સાકીરભાઈને છોડાવવા વચ્ચે પડતે આરોપી વિજયભાઈ નજીકના ગેરેજમાં જઈ લોખંડની પાઈપ લઈ તેમને ડાબા હાથની કોણી ઉપર મારી દીધેલ. આથી તેઓ નીચે પડી જતા ચારેય આરોપીઓએ લાતોથી તેઓને માર મારેલ. ત્યારબાદ સાકીરભાઈએ બુમાબુમ કરતા અરેરી ગામના આરીફભાઈ, વાંઠવાળી ગામના ગવાસ્કર અને કેસરા ગામના ભરતભાઈ આવી ગયેલા અને તેઓએ છોડાવેલા. ત્યાંથી તેઓ મહેમદાવા પો.સ્ટેશને અને ત્યારબાદ વેદ હોસ્પિટલ ગયેલા. જ્યાં ડોકરે તેમના તપાસ કોણી પાસે ફેકચર થયેલ હોઈ ઓપરેશન કરી તેઓને સારવાર આપેલ. તેમણે આ બનાવની ફરિયાદ મહેમદાવાદ પો.સ્ટેશનમાં આપેલ, જે આ કામે આંક – ૨૭ થી રજુ કરેલ છે. ફરિયાદીએ નોંધપાત્ર રીતે તેમને પાઈપ મારનાર આરોપી વિજયભાઈ ઉર્ફે બાડાભાઈને કોર્ટ સમક્ષ ઓળખી બતાવેલ છે. તેટલુ જ નહી, મુદ્દામાલ તરીકે કબજે લેવામા આવેલ પાઈપ ને પણ ઓળખી બતાવેલ છે. આ સાહેદનો ઉપરોક્ત પુરાવા સાથે આંક – ૨૭ ની તેમની ફરિયાદ જોવામા આવે તો તે સંપુર્ણ પણે ફરિયાદ પક્ષના કેસને સમર્થનકારક જણાય છે. આ સાહેદની બચાવપક્ષે થયેલ ઉલટ તપાસમાં તેમણે સ્વિકારેલ છે કે, ફરિયાદમા તેમણે પાઈપ મારનાર આરોપી નં. ૧ નુ નામ વિજયભાઈ સાવધાનભાઈ ઠાકોર તેવુ લખાવેલ નથી. જો કે તેમણે સ્પષ્ટપણે ખુલાસો કરેલ છે કે, આ કામના આરોપી બાંડાભાઈ તરીકે ઓળખાતા હોઈ અને તેમનુ સાચુ નામ તેમને ખબર ન હોઈ, તેમણે ફરિયાદમાં પાઈપ મારનાર તરીકે બાંડાભાઈ અદાભાઈનુ નામ લખાવેલ છે. તેમણે સ્વિકારેલ છે કે, ફરિયાદમાં અનિલભાઈનુ નામ લખાવેલ નથી. તેમણે બચાવપક્ષના તે સુચનનો ઈન્કાર કરેલ છે કે, સાકીરભાઈને બચાવવા ઉતાવળથી તેઓ ગાડીમાથી નીચે ઉતરેલ ત્યારે પડી જવાથી તેમને ઈજા થયેલ તેમજ તેવા સુચનનો પણ ઈન્કાર કરેલ છે કે, આ કામના આરોપીઓએ તેઓની બોલેરો ગાડી રીપેર કરેલી તેના પૈસા ન આપવા પડે તે હેતુથી તેમણે ખોટી ફરિયાદ કરેલ છે. આ સાહેદના આ પુરાવાઓનુ મુલ્યાંકન કરીએ તો તે સ્પષ્ટ થાય છે કે, તેમણે બનાવની સંપુર્ણ હકીકતો તેઓની જુબાની દરમિયાન સોગંદ ઉપર જણાવેલ છે તેમજ

તેમણે કોણી ઉપર પાઇપ મારનાર આરોપીને તથા મુદ્દામાલ પાઇપને પણ પુરાવા દરમિયાન સ્પષ્ટપણે ઓળખી બતાવેલ છે. તેમણે અન્ય બે આરોપીઓ હીતેશ તથા અનિલભાઇ ઠાકોરના નામ જણાવેલ છે પરંતુ આંક – ૨૭ થી તેમની ફરિયાદ જોતા તેમા કોઇ અનિલભાઇ ઠાકોરનુ નામ દર્શાવેલ નથી. તેઓની ઉલટ તપાસમા એકમાત્ર મહત્વની હકીકત ખુલે છે કે, તેમણે તેમની ફરિયાદમા પાઇપ મારનાર આરોપીનુ સાચુ નામ વિજયભાઇ સાવધાનભાઇ જણાવેલ નથી પરંતુ બાડાભાઇ અદાભાઇ જણાવેલ છે. જો કે તેમણે તે જ સમયે ખુલાસો પણ કરેલ છે કે, આરોપીને લોકો બાડાભાઇ તરીકે ઓળખતા હોઇ, તેમણે તે મુજબ નામ લખાવેલુ કેમ કે, તેમનુ સાચુ નામ વિજયભાઇ હતુ તેવુ તેમને ખબર ન હતી.

**૭.૯** ફરિયાદ પક્ષે આંક – ૨૯ થી આરોપીની અટક તથા હથિયાર રીકવરીનુ પંચનામુ રજુ કરી તેના પંચ વિજયભાઇ ઠાકોરને આંક – ૨૮ થી તપાસેલ છે, જેમને ફરિયાદપક્ષના કેસનુ કોઇ સમર્થન આપેલ નથી અને તેમની હાજરીમા આ પંચનામા મુજબની કોઇ કાર્યવાહી થયેલાનુ ઇન્કાર કરેલ છે.

**૭.૧૦** ત્યારબાદ ફરિયાદ પક્ષે આ બનાવના નજરે જોનાર સાહેદ ગોરધનભાઇને આંક – ૩૩ થી તપાસાયેલ છે. આ સાહેદે બનાવ સમયે તેઓ બહારગામ હતા તેમ જણાવી ફરિયાદપક્ષને કેસને કોઇ સમર્થન ન આપતા તેમને ફરી ગયેલા સાહેદ જાહેર કરાયા બાદ વિ.સરકારી વકીલ શ્રી દ્વારા અત્રેની કોર્ટની પરવાનગી લઇ તેઓની ઉલટ તપાસ હાથ ધરવા છતા તેમણે તેમના નિવેદન મુજબની કોઇ જ હકીકતને સમર્થન આપેલ નથી.

**૭.૧૧** આંક – ૩૨ થી સ્થાનિક જગ્યાનુ પંચનામુ રજુ કરેલ છે. આંક – ૩૧ થી પંચ સાહેદ દીનેશભાઇ જીભઇની જુબાની ધ્યાને લેતા તેઓએ ફરિયાદ પક્ષના કેસને સમર્થન આપેલ નથી. તેમજ તેમની હાજરીમાં કહેવાતુ પંચનામુ થયાની હકીકત પણ તેઓએ ઇન્કારી કાઢેલ છે.

**૭.૧૨** ત્યારબાદ ફરિયાદ પક્ષે આંક – ૩૮ થી આ બનાવના નજરે જોનાર સાહેદ સાકીરમીયા મુસ્તુફામીયા નાઓને તપાસેલ છે. તેમણે ફરિયાદીની ફરિયાદ તથા ફરિયાદ પક્ષના સમગ્ર કેસને સંપુર્ણપણે સમર્થન આપતો સ્પષ્ટ પુરાવો આપેલ છે કે, બનાવ વખતે કોર્ટમાં હાજર આરોપી હીતેશભાઇ તેમનુ બાઇક રોડ ઉપર આડુ કરી રીક્ષાવાળા સાથે માથાકુટ કરતા હતા ત્યારે તેઓએ રસ્તો ખુલ્લો કરવાનુ કહેતા અને તે સમયે ફરિયાદી ગાડીમાંથી ઉતરી ત્યાં આવતા, આરોપીઓએ ફરિયાદીને ગાળો બોલવા લાગેલ અને આરોપી બાડાભાઇએ લોખંડની પાઇપ હરજીભાઇ એટલે કે ફરિયાદીને ડાબા હાથ ઉપર મારી દીધેલી. જ્યારે તે સિવાયના

આરોપીઓએ ફરિયાદીને પકડી રાખેલા અને તેઓના કપડા ફાડી નાંખેલા. બાદમા ફરિયાદીને સારવાર માટે વેદ હોસ્પિટલ લઇ ગયેલા. જ્યાં ડોકટરે તેઓનુ ઓપરેશન કરી સારવાર આપેલી. આ સાહેદની સરતપાસની આ હકીકત જોતા તેમણે સ્પષ્ટપણે જણાવેલ છે કે, આરોપી બાંડાભાઇ લોખંડની પાઇપ લઇ ફરિયાદીને ડાબા હાથ ઉપર મારી દીધેલી. જોકે અન્ય આરોપીઓએ ફરિયાદીને પકડી રાખી તેમના કપડા ફાડી નાંખેલા તેવી જણાવેલી હકીકત ફરિયાદીની ફરિયાદમા જણાતી નથી કે, ફરિયાદી હરજીભાઇએ તેઓના પુરાવામા પણ જણાવેલ નથી. આ સંજોગોમાં તે કાંઇક અંશે અતિશયોક્તિભર્યુ જણાય છે. બચાવપક્ષે સદર સાહેદની કરાયેલ ઉલટ તપાસ દરમિયાન તેમણે સ્વિકારેલ છે કે, બનાવ સમયે ઘણા બધા માણસો ભેગા થઇ ગયેલા અને તેમણે તેમના નિવેદનમા બાંડાભાઇ અદાભાઇનુ નામ લખાવેલ. તેમણે બચાવપક્ષના તે સુચનનો ઇન્કાર કરેલ છે કે, આરોપી રમેશભાઇ પાસેથી પાનુ લેવા બાબતે ઝગડો થયેલો. આ સિવાય અન્ય કોઇ મહત્વની હકીકત ખુલવા પામતી નથી.

**૭.૧૩** ફરિયાદપક્ષે ત્યારબાદ આ બનાવના અન્ય નજરે જોનાર સાહેદ આરીફભાઇ અલાઉદ્દીન મલેકને આંક – ૩૬ થી તપાસેલ છે. આ સાહેદે પણ ફરિયાદ પક્ષના કેસને કોઇ સમર્થન ન આપતા, વિ.સરકારી વ.શ્રી દ્વારા અત્રેની કોર્ટની પરવાનગી લઇ તેઓની ઉલટ તપાસ હાથ ધરવા છતા તેમણે તેમના નિવેદન મુજબની કોઇ જ હકીકતને સમર્થન આપેલ નથી.

**૭.૧૪** ફરિયાદ પક્ષે ત્યારબાદ આંક – ૩૮ થી ફરિયાદીની સારવાર કરનાર ડો. વૈભવ વિનુભાઇ પટેલને તપાસેલ છે. તેમણે એવો પુરાવો આપેલ છે કે, તા.૧૫.૭.૨૦૨૧ ના રોજ રાત્રે ૮–૪૫ વાગે આ કામના ફરિયાદીને સારવાર માટે હોસ્પિટલમાં લાવેલા. જેમની પુછપરછ કરતા તેમણે કુલ છ વ્યક્તિઓએ તેમને લાકડી તથા લોખંડના પાઇપ વડે ખભાની ઉપરના ભાગે ડાબી કોણીમા તથા માથાના ભાગે ઇજા કરાયેલાનુ જણાવી આ બનાવના દર્દી સાંજે સાડા છ વાગે ખેડાથી કેસરા તરફ જતા હતા ત્યારે બનેલો તેમ જણાવેલ છે. તેઓએ દર્દીને તપાસતા તેઓએ ડાબી કોણી, અપર બેક રીજીયન તથા માથાના ભાગે ઇજા જણાયેલ. તેમને અંદરના દર્દી તરીકે દાખલ કરી એક્સ રે કરાવતા કોણીના ભાગે ફ્રેકચર હતુ જે ઇજા ગંભીર પ્રકારની હતી. તેમણે એકસ રે પ્લેટ તથા ઇજાનુ સર્ટીફીકેટ અનુક્રમે આંક – ૩૯ તથા ૪૦ થી રજુ કરેલ છે. તેમણે મુદ્દામાલ તરીકે કબજે લેવાયેલ લોખંડની પાઇપ જોઇને જણાવેલ છે કે, તેના વડે આ પ્રકારની ઇજા થઇ શકે નહી. તેમની ઉટલ તપાસમા તેમણે સ્વિકારેલ છે કે, તેમણે પોલીસને લખાવેલ ટેલીફોન વર્દીમાં પાંચ વ્યક્તિના નામ જણાવી એક અજાણ્યો માણસ તેવુ લખાવેલ. તેમણે બચાવપક્ષના તે સુચનનો ઇન્કાર કરેલ છે કે, કોઇ વ્યક્તિ બોથડ પદાર્થ

ઉપર પડી જાય તો ફરિયાદીને ડાબી કોણી ઉપર થયેલ છે તેવી ઇજા થઇ શકે. જો કે તેઓએ સ્વિકારેલ છે કે, આવી ઇજા હાત ખેચવામા કે મરડવામા આવે તો પણ થઇ શકે. તેમણે સ્વિકારેલ છે કે, ખભાની અને માથાની ઇજા નીચે પડી જવાથી થઇ શકે. આ સાહેદે પોલીસ સ્ટેશનમાં આપેલ ટેલીફોનની વર્દી આંક – ૪૩ થી રજુ થયેલ છે જેમાં નીચે મુજબની વિગત નોંધવામા આવેલ છે.

" આ વખતે વેદ હોસ્પિટલ ખાત્રજ ચોકડી થી ડો. વૈભવ પટેલ ટેલીફોન વર્દી લખાવે છે કે, એક દર્દી નામે હરજીભાઇ ભલાભાઇ સોલંકી, ઉ.વ.–૨૫, રહે. કેસરાની નાની મુવાડી ખેતર વિસ્તારમા તા. મહેમદાવાદનાઓને આજરોજ તા.૧૫.૭.૨૦૨૧ ના સાંજના કલાક ૬–૩૦ વાગ્યાની આજુબાજુ પોતાની બોલેરો પીક અપ ગાડી લઇને ખેડા અંબીકા ફાર્મથી કેસરા પોતાના ઘર તરફ જઇ રહ્યા હતા ત્યારે ખાત્રજ ચોકડી મહુધા રોડ ઉપર તેમને છ દારુ પીધેલ વ્યક્તિ પૈકી (૧) પન્નાભાઇ રમેશભાઇ ઠાકોર (૨) હીતેશભિા રમેશભાઇ ઠાકોર (૩) દીનેશભાઇ અશોકભાઇ ઠાકોર (૪) બાંડાભાઇ અદાભાઇ ઠાકોર, તમામ રહે. અરેરી તથા (૫) દીલીપભાઇ જેનુ પુરુ નામ ખબર નથી, રબે. જીભઇપુરા અને એક અજાણી વ્યક્તિનાઓએ રોકી તેથી દર્દી તથા તેમના મિત્ર મલેક સાકીરભાઇ મુસ્તુફામીયા રહે, કેસરના બંને ગાડીમાથી ઉતરી રસ્તો ખોલવાનો પ્રયાસ કરતા દર્દીને આ છ વ્યક્તિઓએ લોખંડની પાઇપથી પીઠ અને ડાબા હાથે મારતા દર્દી બેભાન થઇ ગયેલા હતા અને શરીરે અન્ય ભાગોમાં લાતો મારેલ જેથી દર્દીને ગંભીર હાલતમા આશરે આઠેક વાગ્યે અત્રે લાવેલ હતા જેથી આગળની કાર્યવાહી કરવા વિનંતી છે, તા.૧૫.૭.૨૦૨૧, કલાક ૨૨/૧૩.

**૭.૧૪.૧** આ સાહેદના પુરાવાનુ મુલ્યાંકન કરતા તે સ્પષ્ટ થાય છે કે, બનાવના દિવસે જ ઇજા પામનાર ફરિયાદીને તેમની હોસ્પીટલમા દાખલ કરવામા આવેલા, ફરિયાદી હીસ્ટ્રી દરમિયાન બનાવની વિગતો આપેલી અને તેઓની તપાસ દરમિયાન ફરિયાદીના જણાવ્યા મુજબની જ ઇજાઓ જણાઇ આવેલી તથા ખાસ કરીને ફરિયાદીની ડાબી કોણીના ભાગે અસ્થિભંગની ગંભીર ઇજા જણાયેલી. જેથી તેઓએ સારવાર કરેલી. આ સાહેદે રજુ કરેલ આંક – ૩૯ ની એક્સ રે પ્લેટ જોતા ડાબા હાથે કોણીના ભાગે હાડકુ તુટેલાનુ સ્પષ્ટપણે દેખાય છે. આ સાહેદની જુબાની સાથે આંક – ૪૩ ની ટેલીફોન વર્દી જોતા તે ફરિયાદ પક્ષના કેસને સમર્થનકારક છે.

**૭.૧૫** આંક – ૪૨ થી તપાસ કરનાર અમલદાર રાજેન્દ્રગીરીને તપાસવામા આવેલછે જેમા જણાવ્યા મુજબ તા.૧૫.૭.૨૦૨૧ ના રોજ તેઓ ફરજ ઉપર હાજર હતા ત્યારે વેદ હોસ્પિટલના ડોકટર દ્વારા ટેલીફોન વર્દીથી બનાવની જાણ થયેલી અને તે ટેલીફોન વર્દી તપાસ માટે તેઓને

આપવામા આવેલ. જે આંક – ૪૩ થી રજુ થયેલ છે. ત્યારબાદ તેઓએ હોસ્પીટલે જઇ ફરિયાદીની ફરિયાદ લીધેલ અને ગુનો દાખલ થતા તથા તપાસ સોંપાતા તેઓએ આગળની તપાસ હાથ ધરેલી. તેઓએ ત્યારબાદ તપાસની વિગતો આપી, આરોપીઓ સમક્ષ પુરતો પુરાવો જણાતા ચાર્જશીટ કર્યાની હકીકત જણાવેલ છે. બચાવપક્ષની ઉલટ તપાસમા સાહેદે સ્વિકારેલ છે કે, ટેલીફોન વર્દીમા કુલ છ આરોપીના નામ લખાવેલા તેમજ ફરિયાદમાં પાઇપ મારનાર વ્યક્તિનુ નામ ફરિયાદીએ વિજયભાઇ લખાવેલ નહી. તેમણે સ્વિકારેલ છે કે, તેમણે દીનેશભાઇ રમેશભાઇને અને દીલીપભાઇ અશોકભાઇને આરોપી બનાવેલા નથી. જો કે તેમણે સ્વેચ્છાએ જણાવેલ છે કે, દીનેશભાઇને અનિલભાઇ ઉર્ફે પન્નો રમેશભાઇ તરીકે ઓળખવામા આવેલ છે. જેમનુ નામ ચાર્જશીટમા આરોપી તરીકે છે. તેમણે સ્વિકારેલ છે કે, બનાવની ફરિયાદ બનાવના બીજા દિવસે નોધવામા આવેલ છે. આ સિવાય રેકર્ડ પર અન્ય કોઇ પુરાવો રજુ થયેલ નથી.

**૭.૧૬** ઉપરોક્ત પુરાવાઓનુ સમગ્ર પણે મુલ્યાંકન કરતા તે હકીકત નોંધપાત્ર છે કે, આ કામના આરોપી બાંડાભાઇ અદાભાઇ કે જેનુ સાચુ નામ વિજયભાઇ સાવધાનભાઇ છે તેમણે આ બનાવમા લોખંડના પાઇપ વડે ફરિયાદીને ડાબા હાથની કોણી પર ફટકો મારતા અસ્થિભંગની ગંભીર ઇજા થયેલાનુ નિશંકપણે પુરવાર થાય છે. બચાવપક્ષે એ હકીકત રજુ કરવા પ્રયત્ન કરેલ છે કે, તેમણે ફરિયાદમા આરોપી નં. ૧ નુ નામ વિજયભાઇ સાવધાનભાઇ તેવુ લખાવેલ નથી પરંતુ સાહેદે જુબાનીમા જ એવો ખુલાસો કરેલ છે કે, તેમણે આરોપીનુ સાચુ નામ ખબર ન હતી પરંતુ બધા તેમને બાંડાભાઇ તરીકે ઓળખતા હોય તેમણે તે મુજબ લખાવેલ છે. આ જ હકીકત ફરિયાદીની સાથે રહેલ આ બનાવમા ઇજા પામનાર સાહેદ સાકીરમીયાની જુબાનીમા સ્પષ્ટપણે એસ્ટાબ્લીસ થાય છે. આ બંને સાહેદોએ આ કોર્ટમા ચાલુ પુરાવા દરમિયાન ફરિયાદીને કોણી પર પાઇપ વડે ઇજા કરનાર આરોપી તરીકે આરોપી નં. ૧ ને ઓળખી બતાવેલ છે અને તે જ વિજયભાઇ ઉર્ફે બાંડાભાઇ તરીકે ઓળખાતા હોવા અંગે તમામ સાહેદોના રજુ થયેલ પુરાવા સમગ્ર પણે વંચાણે લેતા કોઇ શંકા રહેતી નથી. ફરિયાદીના ઉપરોક્ત સમર્થનકારક પુરાવાને આંક – ૩૮ થી તપાસવામા આવેલ ડો. વૈભવ પટેલના નોંધાયેલ પુરાવાથી પણ સંપુર્ણપણે સમર્થન મળે છે અને તેમણે રજુ કરેલ આંક – ૩૪ થી એક્સ રે પ્લેટ કાળજીપૂર્વક ધ્યાને લેતા તે આ કામના ફરિયાદી હરજીભાઇ સોલંકી ઉ.વ.– ૨૫ નો એલ બો જોઇન્ટ તા.૧૫.૭.૨૦૨૧ નો હોવાનો એક્સ રે પ્લેટમા જ દર્શાવેલ છે અને તે એક્સ રે પ્લેટમાં ડાબા હાથની કોણીના ભાગે અસ્થિભંગ હોવાનુ સ્પષ્ટપણે જણાઇ આવે છે. વધુમાં આંક – ૪૦ થી રજુ ડોકટરના ઇજા બાબતેના સર્ટીફીકેટ જોતા પણ આ હકીકતને સમર્થન મળે છે.

**૭.૧૭** જો કે રજુ થયેલ પુરાવાઓને યથાવત રીતે વંચાણે લેતા આ બનાવમાં અન્ય આરોપીની ભુમીકા અંગે રજુ થયેલ પુરાવો સ્પષ્ટ નથી. એટલુ જ નહી, તેઓની ભુમીકા અંગે આ કામના ફરિયાદી તથા નજરે જોનાર સાહેદ સાકીરભાઈ મુસ્તુફામીયા નો પુરાવો કાંઈક અંશે વિરોધાભાષી જણાય છે તેમજ સાહેદ સાકીરમીયાની જુબાનીમા પણ કેટલીક અતિશયોક્તિ પણ આ અદાલતે નોટીસ કરેલ છે. આ ઉપરાંત ફરિયાદ પક્ષના કેસ મુજબના બનાવ સમયે ભેગા થઈ ગયેલાનુ કહેવાતા જે સાહેદોને તપાસવામા આવેલ છે તેમણે ફરિયાદી પક્ષના કેસને સમર્થન આપેલ નથી તથા અન્ય આરોપીઓએ ફરિયાદીને સાદી ઈજા થયેલાનુ તથા અપશબ્દો બોલી જાનથી મારી નાંખવાની ધમકી આપ્યાનુ પણ સ્પષ્ટ પુરાવો નથી. ઉપરોક્ત હકીકત ધ્યાને લેતા તે સ્પષ્ટ થાય છે કે, આ બનાવમા ઈજા પામનાર ફરિયાદી હરજીભાઈએ આપેલ પુરાવો ફરિયાદ પક્ષના કેસને સંપુર્ણપણે સુસંગત અને સમર્થનકારક છે. એટલુ જ નહી, આ અદાલતને તે ભરોસાપાત્ર અને માનવાલાયક ગણાય છે. તેમણે આ બનાવનુ સંપુર્ણ વર્ણન કરેલ સ્પષ્ટપણે કોર્ટમાં હાજર રહેલ આરોપી નં. ૧ ને ઓળખી બતાવી તેમણે જ તેમને ડાબા હાથના કોણીના ભાગે લોખંડનુ પાઈપ મારી અસ્થિભંગની ઈજા કરતા વેદ હોસ્પિટલમાં તેમણે સારવાર લીધેલ અને તેમનુ ઓપરેશન કરવામા આવેલ તેવો સ્પષ્ટ પુરાવો આપેલ છે.

**૭.૧૮** ફોજદારી ન્યાયશાસ્ત્રના સ્પાપિત સિધ્ધાંત મુજબ ઈજા પામનાર સાહેદનો પુરાવો મહત્વનો ગણવામા આવે છે કેમ કે સામાન્ય રીતે ઈજા પામનાર વ્યક્તિ તેઓને ઈજા કરનાર આરોપીને છોડીને ખોટી રીતે અન્ય વ્યક્તિનુ આરોપી તરીકે નામ આપે નહી. આથી જ ખુબ જ બિનભરોસાપાત્ર હોય તેવા સંજોગો સિવાય આવા પુરાવાને અવગણી શકાય નહી કે તુચ્છ અને ક્ષુલ્લક વિરોધાભાષને આધાર બનાવી તેને એકબાજુ પણ મુકી દઈ શકાય નહી તેવુ નામદાર ઉચ્ચ અદાલતો તથા નામદાર સર્વોચ્ચ અદાલતના અનેક ચુકાદાઓથી સ્થાપિત છે.

વધુમાં, સદર કામે ફરિયાદી પોતે એક માત્ર ઈજા પામનાર સાહેદ છે, ત્યારે ઈજા પામનાર સાહેદના પુરાવાનું મૂલ્યાંકન કરતી વખતે નામદાર ગુજરાત રાજ્યની વડી અદાલત દ્વારા **કાળીયા પુનાભાઈ પરમાર વિરુદ્ધ ગુજરાત રાજ્ય (ક્રિમીનલ અપીલ નં.: ૧૬૪૭ / ૨૦૦૮)**ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતને ધ્યાને લેવા જરૂરી બને. સદરહું ચુકાદામાં ઠરાવેલ છે કે,

**“15. When the evidence of an injured eye-witness is to be appreciated, the under-noted legal principles enunciated by the Courts are required to be kept in mind :-**

**(a) The presence of an injured eye-witness at the time and place of the occurrence cannot be doubted unless there are material contradictions in his deposition.**

**(b) Unless, it is otherwise established by the evidence, it must be believed that an injured witness would not allow the real culprits to escape and falsely implicate the accused.**

**(c) The evidence of an injured witness has greater evidentiary value and unless compelling reasons exist, their statements are not to be discarded lightly.**

**(d) The evidence of an injured witness cannot be doubted on account of some embellishment in natural conduct or minor contradictions.**

**(e) If there be any exaggeration or immaterial embellishments in the evidence of an injured witness, then such contradiction, exaggeration or embellishment should be discarded from the evidence of injured, but not the whole evidence.**

**(f) The broad substratum of the prosecution version must be taken into consideration and discrepancies which normally creep due to loss of memory with passage of time should be discarded."**

વધુમાં, નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા જયાબાલન વિરુદ્ધ યુ.ટી.ઓફ પોંડીચેરી, ૨૦૧૦ (૬૮) એસીસી ૩૦૮ (એસસી) ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતને ધ્યાને લેવા જરૂરી બને. સદરહું ચુકાદામાં ઠરાવેલ છે કે,

"21. We are of the considered view that in cases where the court is called upon to deal with the evidence of the interested witnesses, the approach of the court, while appreciating the evidence of such witnesses must not be pedantic. The court must be cautious in appreciating and accepting the evidence given by the interested witnesses but the court must not be suspicious of such evidence. The primary endeavour of the court must be to look for consistency. The evidence of a witness cannot be ignored or thrown out solely because it comes from the

mouth of a person who is closely related to the victim."

**૭.૧૯** નોંધપાત્ર રીતે ફરિયાદીના ઉપરોક્ત પુરાવાઓને બનાવ સમયે તેઓની સાથે હાજર હતા તેવા નજરે જોનાર સાહેદ સાકીરભાઇ મુસ્તુફામીયાના પુરાવાથી સંપુર્ણ સમર્થન મળે છે તેટલુ જ નહી, મેડીકલ ઓફીસર ડો. વૈભવ પટેલનો પુરાવો પણ ઇજા પામનાર ફરિયાદીની હકીકતોને સંપુર્ણપણે પ્રતિપાદીત કરે છે. આ સંજોગોમાં અન્ય આરોપીની ભુમીકા અંગે સંપુર્ણપણે શંકાથી પર હોય તેવો સ્પષ્ટ પુરાવો રેકર્ડ પર ન આવતો હોવા છતા આરોપી નં. ૧ વિજયભાઇ ઉર્ફે બાંડાભાઇ અદાભાઇના ગુના સબંધે રજુ થયેલ પુરાવાનુ કાળજીપુર્વક મુલ્યાંકન કરતા કોઇ શંકા રહેતી નથી. અત્રેની અદાલત સભાન છે કે, જો ફરિયાદ પક્ષના કેસની હકીકતો અંગે મહત્વની શંક ઉભી થતી હોય તો તેનો લાભ હંમેશા બચાવપક્ષને મળવાપાત્ર છે. જો કે તેનો અર્થ એ નથી કે, ફરિયાદપક્ષનો કેસ કોઇ આરોપી સામે નિશંકપણે પુરવાર થતો હોય તો પણ રેકર્ડ પરના તુચ્છ વિરોધાભાષને બિનજરુરી મહત્વ આપી ફરિયાદપક્ષના કેસ અંગે ગેરવ્યાજબી શંકા કરવી. જો તેમ કરવામા આવે તો ગુનો આચરનાર સાચો આરોપી કદાપી દોષિત ઠરે નહી અને તેવો કાયદાનો ઉદ્ધેશ્ય પણ ક્યારેય હોઇ શકે નહી.

**૭.૨૦** એ નોધપાત્ર છે કે, આ કામે આરોપીઓ સામે ભારતીય દંડ સંહીતાની કલમ – ૩૪ કે ૧૨૦(બી) નો ચાર્જ નથી ત્યારે કોઇ એક આરોપીના કૃત્ય અંગે તમામ આરોપીને જવાબદાર ગણી શકાય નહી. કેમ કે, આ કામના ભારતીય દંડ સંહીતાની કલમ –૧૧૪ મુજબનો ચાર્જ હોઇ પ્રત્યેક આરોપીઓની અલગ ભુમીકાને ધ્યાને લેવી જોઇએ.

**૭.૨૧** ઉપરોક્ત સમગ્ર ચર્ચાના આધારે તેવુ નિશંકપણે પુરવાર થાય છે કે, તા.૧૫.૭.૨૦૨૧ ના રોજ કલાક ૧૯–૦૦ ના સુમારે ખાત્રજ ચોકડી મહુધા રોડ ઉપર બનેલ આ બનાવ દરમિયાન આ કામના આરોપી નં. ૧ વિજયભાઇ ઉર્ફે બાંડાભાઇ અદાભાઇએ લોખંડના પાઇપ વડે આ કામના ફરિયાદી હરજીભાઇ ભલાભાઇ એટલે કે ફરિયાદીને કોણીના ભાગે ફટકો મારી અસ્થિભંગની ઇજા કરી ભારતીય દંડ સંહીતાની કલમ – ૩૨૫ મુજબનો ગુનો કરેલ છે. જો કે, અન્ય આરોપીઓ સામે ફરિયાદપક્ષ તેઓનો કેસ નિશંકપણે પુરવાર કરવામા નિષ્ફળ ગયેલ છે અને તેથી તેઓને શંકાનો લાભ આપી નિર્દોષ જાહેર કરવાને પાત્ર તેઓ બને છે. આ સંજોગોમાં ઉપરોક્ત તમામ સંજોગોને લક્ષમાં લેતા આરોપી નં. ૧ વિજયભાઇ ઉર્ફે બાંડાભાઇ અદાભાઇ વિરધ્ધ આક્ષેપિત ગુનાઓ પૈકી ભારતીય દંડ સંહીતાની કલમ – ૩૨૫ મુજબનો ગુનો ફરિયાદ પક્ષ નિશંકપણે પુરવાર કરતા હોવાનુ અત્રેની અદાલતનુ માનવુ હોઇ, ત્યારે મુદ્દા નંબર – ૧ નો નિર્ણય અંશતઃ હકારમા આપી મુદ્દા નંબર – ૨ પરત્વે નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

## :: હુકમ ::

૧) આ કામના આરોપી નં. ૧ વિજયભાઇ ઉર્ફે બાંડાભાઇ અદાભાઇ, રહે. અરેરી, તા. મહેમદાવાદ નાઓને ભારતીય દંડ સંહીતા, ૧૮૬૦ ની કલમ – ૩૨૫ ના ગુના સબબ ફોજદારી કાર્યરીતી સંહીતા, ૧૯૭૩ ની કલમ – ૨૪૮(૨) મુજબ તકસીરવાન ઠરાવવામા આવે છે.

૨) સજા અંગેની માત્રા નક્કી કરવા માટે બંને પક્ષોને સાંભળવા સદર કામની કાર્યવાહી મુલતવી રાખવામા આવે છે.

આજ તારીખ – ૦૯ માહે – જુન સને – ૨૦૨૬ ના રોજ હુકમ ખુલી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળઃ–મહેમદાવાદ (દેવદત્ત વી. વ્યાસ)
તારીખઃ૦૯/૦૬/૨૦૨૬ જ્યુડી.મેજી. ફ.ક., મહેમદાવાદ

**સજા અંગે સાંભળ્યા,**

૧) સજાના મુદ્દે ઉભયપક્ષે રજુઆતો સાંભળવામા આવી.

૨) સદર કામે બચાવપક્ષે વિ.વ.શ્રી ની રજુઆત છે કે, આરોપી ગરીબ માણસ છે, તેનો આ પ્રથમ ગુનો છે અને બનાવ આકસ્મિક ઉશ્કેરાટ ના કારણે બનેલ છે. વધુમા કુટુંબમાં કમાનાર એકમાત્ર વ્યક્તિ આરોપી છે અને જો તે જેલમા જાય તો કુટુંબને હાડમારી થાય. વધુમાં આરોપી નાની ઉમરનો છે અને જો આરોપી જેલમા રીઢા ગુનેગાર સાથે રહે તો તેના ભાવિને નુકશાન થાય તેમ છે. આ સંજોગોને ધ્યાને લઇ આરોપીને પ્રોબેશનનુ લાભ આપવા તેમજ ઓછામા ઓછી સજા કરવા રજુઆત કરેલ છે.

૩) ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી તરફથી એવી રજુઆત કરવામા આવેલ છે કે, સામાન્ય વાહન ખસેડવાની બાબતમાં ઉશ્કેરાઇ જઇ, ઇજા પામનારનુ હાથ તોડી નાખી આરોપીએ ગંભીર ગુનો કરેલ છે અને આરોપીએ આચરેલ ગુનો રેકર્ડ ઉપર ના પુરાવા તેમજ સાહેદોની જુબાનીથી પુરવાર થયેલ છે. તદઉપરાંત, આ પ્રકારના ગુનાઓને હળવાશથી લેવામા આવે તો સમાજમા ખોટો સંદેશો જશે અને આરોપી ફરિથી સમાન પ્રકારનો ગુનો આચરવા પ્રેરાશે જેની સમાજ ઉપર નકારાત્મક અસર થશે. જેથી આરોપીને કાયદા મુજબ યોગ્ય સજા કરવા વિનંતી કરેલ છે.

૪) ઉભયપક્ષે ઉપરોક્ત રજુઆત કાળજીપુર્વક વિચારવામાં લેવામા આવેલ છે. આ ઉપરાંત, બનાવ જે સંજોગોમા જે રીતે બનેલ છે તે પણ અત્રેની અદાલતે ધ્યાને લીધેલ છે. ક્ષુલ્લક બાબતોમા રોડ રેજની ઘટનાઓ ગંભીર હુમલામા પરિણામે અને લોખંડના પાઇપ જેવા હથિયારથી માર મારી હાડકા ભાગી જાય એ રીતની ઇજા કરવામા આવે તેવી ઘટનાઓને હળવાશથી લેવી જોઇએ નહી. એ પણ નોંધપાત્ર છે કે, નિશંકપણે કેસ સાબિત કરવાનો

ફરિયાદ પક્ષનો બોજો જોતા ગંભીર ગુનો કરનાર આરોપીને સજા થવાનુ પ્રમાણ ખુબ જ નજીવુ છે. આ સંજોગોમાં ખુબ જ ઓછા કેસો નિશંકપણે પુરવાર થતા હોવા છતા જો આરોપીઓને પ્રોબેશનનો લાભ આપી મુક્ત કરવામા આવે તો સ્વભાવિકપણે સમાજમા ખોટી અસર ઉભી થાય અને આ પ્રકારની પ્રવૃત્તી કરનાર ઇસમોના આત્મવિશ્વાસમા વધારો થાય. આ અદાલતે ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ – ૩૬૦ સાથે પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એક્ટની કલમ – ૪,૫ ની જોગવાઇ કાળજીપુર્વક વંચાણે લીધેલ છે પરંતુ જે રીતે આરોપીએ બનાવ સમયે તેઓએ જ રોડ રોકેલ હોવા છતા રોડ ખુલ્લો કરવાનુ જણાવતા ફરિયાદી તથા સાહેદ પર હુમલો કરી અને આરોપીએ લોખંડના પાઇપ વડે ફરિયાદીને માર મારી તેઓનુ હાડકુ ભાંગી નાંખી ગંભીર ઇજા કરેલ છે તે પણ લક્ષમા લેતા અત્રેની અદાલત આરોપીને પ્રોબેશનનો લાભ આપવો ઉચિત માનતી નથી. જો કે, આરોપી તરફે રજુ થયેલ તમામ સંજોગોને પણ લક્ષમા લેતા ગુનાના પ્રમાણમા સજા કરવાના અભિપ્રાય ઉપર આવી કાયદામા નિર્દિષ્ટ કરેલ પુરેપુરી સજા ન કરતા નીચે મુજબનો આખરી હુકમ કરવો વાજબી માનુ છું.

## :: આખરી હુકમ ::

૧) આ કામના આરોપી નં. ૧ વિજયભાઇ ઉર્ફે બાંડાભાઇ અદાભાઇ રહે. અરેરી, તા. મહેમદાવાદ નાઓને ભારતીય દંડ સંહીતા, ૧૮૬૦ ની કલમ –૩૨૫ મુજબના ગુના સબબ ફોજદારી કાર્યરીતી સંહીતા ૧૯૭૩ ની કલમ – ૨૪૮(૨) મુજબ તકસીરવાન ઠરાવી એક વર્ષની સખત કેદની સજા તથા રુપીયા પાંચ હજારનો દંડ ભરવાનો હુકમ કરવામા આવે છે અને જો દંડની રકમ ન ભરે તો વધુ ત્રીસ દિવસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામા આવે છે.

૨) આ કામના આરોપી નં. ૧ વિજયભાઇ ઉર્ફે બાંડાભાઇ અદાભાઇ રહે. અરેરી, તા. મહેમદાવાદ નાઓને ભારતીય દંડ સંહીતા, ૧૮૬૦ ની કલમ –૩૨૫ મુજબના ગુના સિવાય તથા આરોપી નં. ૨ હીતેશભાઈ રમેશભાઈ સાવધાનભાઈ ઠાકોર, રહે.અરેરી,તા.મહેમદાવાદ, જી. ખેડા આરોપી નં.– ૩ દીનેશભાઈ ઉર્ફે ગનો અશોકભાઈ ઠાકોર, રહે.અરેરી,તા.મહેમદાવાદ, જી.ખેડા તથા આરોપી નં.– ૪ અનીલભાઈ ઉર્ફે પન્નો રમેશભાઈ ઠાકોર, રહે.અરેરી,તા.મહેમદાવાદ, જી.ખેડા ના ઓને ભારતીય દંડ સંહીતાની કલમ – **૩૨૩,૩૨૫, ૫૦૪,૫૦૬(૨),૧૧૪** મુજબના ગુન્હા સબબ ફોજદારી કાર્યરીતી સંહીતા ની કલમ – ૨૪૮(૧) મુજબ શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૩) આરોપીઓને ફોજદારી કાર્યરીતિ સંહીતાની કલમ – ૩૬૩(૧) મુજબ સદર હુકમની પ્રમાણિત

નકલ વિનામુલ્યે તાત્કાલીક આપવાનો હુકમ કરવામા આવે છે.

૪) આરોપીઓના અગાઉના જામીન ખત રદ કરવાનો હુકમ કરવામા આવે છે તેમજ આરોપી નં. ૧ ને જ્યુડીશીયલ કસ્ટડીમાં લેવાનો હુકમ કરવામા આવે છે તેમજ આરોપી નં. ૨ થી ૪ નાઓને અપીલ સમય સુધીના ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ – ૪૩૭ મુજબના જામીન તથા જાત મુચરકા રજુ કરવાનો હુકમ કરવામા આવે છે

૫) સદર કામે જો કોઈ કીંમતી મુદ્દામાલ પોલીસે કબજે કરેલ હોય તો તેવા કીંમતી મુદ્દામાલ સંદર્ભે કોઈ વચગાળાનો હુકમ થયેલ હોય તો તે આથી કાયમ રાખવામા આવે છે અન્યથા જવાબદાર પોલીસ અધિકારીએ તેના મુળમાલીકની ખરાઈ કરી તેને પરત સોંપવા આથી હુકમ કરવામા આવે છે તેમજ બિનકીંમતી મુદ્દામાલનો અપીલ સમય પસાર થયા બાદ નાશ કરવાનો હુકમ કરવામા આવે છે.

આજ તારીખ – ૦૯ માહે – જુન સને – ૨૦૨૬ ના રોજ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળઃ–મહેમદાવાદ (દેવદત્ત વી. વ્યાસ)
તારીખઃ૦૯/૦૬/૨૦૨૬ જ્યુડી.મેજી. ફ.ક., મહેમદાવાદ